આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-09-12-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# પ્ર.મંત્રી શ્રી મોદી- રાઈઝિંગ રાજસ્થાન ગ્લોબલ સમીટ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જયપુરમાં રાઈઝિંગ રાજસ્થાન ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટનું ઉદ્ઘાટન કરશે. જયપુર પ્રદર્શન અને સંમેલન કેન્દ્રમાં આયોજિત થનારી ત્રણ દિવસીય સમિટમાં પ્રધાનમંત્રી સંબોધન કરશે. આ પ્રસંગે રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા, કેન્દ્રીય અને રાજ્ય મંત્રીમંડળના અનેક સભ્યો પણ હાજર રહેશે. પાંચ હજારથી વધુ વેપાર અને વેપાર પ્રતિનિધિઓ, રાજદ્વારીઓ અને રોકાણકારો, પ્રતિનિધિઓ અને અન્ય સહભાગીઓ ભવ્ય રોકાણ સમિટમાં હાજરી આપશે. સમિટ પહેલા રોકાણની દરખાસ્તો માટે 30 લાખ કરોડ રૂપિયાના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. રોકાણ સમિટમાં 32 દેશોના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે, જેમાંથી 17 ભાગીદાર દેશો છે.**

**RNU અમદાવાદ**

---

RNU BHUJ

## દ્રૌપદીનું રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 11મી ડિસેમ્બરને બુધવારે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર વિજેતાઓનું સન્માન કરશે. જેમાં રાજ્યના પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના વાવકુલી 2 ગામના પગી રાજેન્દ્રકુમાર કાળુભાઈને એવોર્ડ એનાયત કરવામાં આવશે.

ચાલુ વર્ષે વિવિધ કેટેગરી હેઠળ 45 પારિતોષિક વિજેતાઓની પસંદગી કરવામાં આવી છે. આ કેટેગરીમાં દીન દયાળ ઉપાધ્યાય પંચાયત સતત વિકાસ પુરસ્કાર, નાનાજી દેશમુખ સર્વોત્તમ પંચાયત સતત વિકાસ પુરસ્કાર, ગ્રામ ઊર્જા સ્વરાજ વિશેષ પંચાયત પુરસ્કાર, કાર્બન ન્યૂટ્રલ વિશેષ પંચાયત પુરસ્કાર અને પંચાયત ક્ષમા નિર્માન સર્વોત્તમ સંસ્થાન પુરસ્કારનો સમાવેશ થાય છે.

**RNU અમદાવાદ**

---

## પોલીયો રવિવાર

ગઈકાલે પોલિયો રવિવાર કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના વિવિધ શહેરો અને કચ્છ જિલ્લામાં દરેક શહેર અને ગામડાઓમાં ઘરે ઘરે જઈ પોલિયોના બે ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. કચ્છમાં દરેક જગ્યાએ પોલિયોના ટીપાં પીવડાવવા માટે બુથ પણ રાખવામાં આવ્યા છે. વિવિધ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમો દ્વારા સોમવારે અને મંગળવારે ઘર-ઘર રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરીમાં આરોગ્ય શાખા, આઈ.સી.ડી.એસ. શાખા તેમજ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સહયોગ આપવામાં આવશે.

જિલ્લા રસીકરણ અધિકારીએ જિલ્લાના દસ તાલુકાના 68 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નેજા હેઠળ 1 હજાર 354 જેટલા બુથો ઉભા કરવામાં આવ્યા છે, જ્યા 5 હજાર 900 જેટલા કર્મચારી વર્કરો સતત સેવા આપી રહ્યા છે. વિશેષમાં 176 મોબાઇલ બુથો પણ કાર્યરત રહેશે.

**N.P/ આરતી ભટ્ટ**

---

## જાહેર વિતરણ વ્યવસ્થા - એવોર્ડ

જાહેર વિતરણ વ્યવસ્થામાં સપ્લાઇ ચેઇન ઓપ્ટિમાઇઝેશનના સફળતા પૂર્વક અમલીકરણ માટે કેન્દ્ર સરકારે ગુજરાત રાજ્યને પ્રતિષ્ઠિત પુરસ્કાર એનાયત કર્યો છે.

રાજ્યમાં આવેલ ફુડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના તમામ ગોડાઉન તેમજ તમામ વાજબી ભાવની દુકાનોને ઓનલાઇન જાહેર વિતરણ વ્યવસ્થા પ્લેટ ફોર્મમાં સફળતા પૂર્વક જોડવામાં આવ્યા છે. ડિસેમ્બર 2023થી જુલાઇ 2024 દરમિયાન જાહેર વિતરણ વ્યવસ્થા વિભાગે પરિવહન ખર્ચમાં સાડા ચાર કરોડ અને માસિક 56 લાખની બચત કરી હતી. જેના પરિણામે કેન્દ્ર સરકારના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ દ્વારા રાજ્ય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગને નવી દિલ્હી ખાતે આ પ્રતિષ્ઠિત એવોર્ડ આપવામાં આવ્યો હતો.

**RNU અમદાવાદ**

---

RNU BHUJ

# પોલીસ ધ્યાન અને યોગ શિબિર

રાજ્ય યોગ બોર્ડ દ્વારા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા પોલીસવડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ યોજાઇ હતી. આ શિબિરમાં નાયબ પોલીસ અધિક્ષક, સહિત પોલીસ અધિકારીઓ સાથે 200 જેટલા કર્મચારીઓએ ભાગ લઇ ધ્યાન અને યોગ કર્યા હતા. 50 જેટલા પ્રશિક્ષકો દ્વારા યોગ સાધના કરાવાઈ હતી. શિબિરમાં પોલીસ કર્મચારીઓને શરીરને તંદુરસ્ત રાખવા માટે યોગ નિષ્ણાતો દ્વારા સમજણ અને યોગના વિવિધ પ્રકારની માહિતી આપવામાં આવી હતી.

**N.P./આરતી ભટ્ટ**

---

# દયાપર – રવિકૃષિ મહોત્સવ

**જિલ્લાના લખપત તાલુકાના દયાપર ખાતે રવિકૃષિ મહોત્સવ યોજવામાં આવ્યો હતો, જેમાં ખેડૂતોને સિઝનમાં રવિપાકો વિશે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓની ઉપયોગી માહિતી તેમજ પ્રાકૃતિક તદઉપરાંત ખેતીમાં ખર્ચ ઘટાડવા ખેતી અંગે સમજ અપાઈ હતી.**

**N.P/આરતી ભટ્ટ**

---

# ઠંડી

રાજ્યમાં પવનની દિશા બદલાતાં ઠંડીએ પોતાની પકડ જમાવી રહી છે. નલિયામાં લઘુતમ પારો ગગડીને 10.8 ડિગ્રીના લઘુતમ ઉષ્ણતામાન નોંધાતા સાંજ ઢળતાં ઠંડીએ પોતાની અસર જોવા મળી રહી છે. કંડલા એરપોર્ટમાં 14.6 ડિગ્રી ઉષ્ણતામાને પહોંચતા અંજાર અને ગાંધીધામ વિસ્તારમાં પણ ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. જિલ્લા મથક ભુજમાં 16.2 ડિગ્રી ઉષ્ણતામાન નોંધાયું છે.

**N.P/આરતી ભટ્ટ**

---